वर्ष : १५ सने : २०१९ सं.२०७५
अंक : ४, સળંગ અંક-૮૯ श्रावण-अगस्त

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૫ સને ૨૦૧૯ સં.૨૦૭૫

અંક : ૪ ઓગસ્ટ / શ્રાવણ, સળંગ અંક-૮૯



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની કલમે

★ મહામંગલકારી શ્રી ઉપધાનતપ - ૧

★ કર્મ અને તેનું આધિપત્ય - ૨

★ ધર્મથી નિરપેક્ષ શા માટે ?

★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**वैद्यराज ! नमस्तुभ्यं,**

**यमराज-सहोदरम् ।**

**यमस्तु हरति प्राणान्,**

**वैद्यः प्राण-धनानि च ।।**

યમરાજના સગાભાઈ તુલ્ય હે વૈદ્યરાજ ! આપને નમસ્કાર થાઓ. યમરાજ તો માત્ર પ્રાણને જ હણે છે જ્યારે વૈદ્ય તો પ્રાણ અને ધનઃ બંને લૂંટે છે.

આવક અને ખર્ચનો વિચાર કર્યા વગર કુબેરની જેમ પૈસા ઉડાવે છે તે થોડા જ સમયમાં ખાખી-બંગાળી (નિર્ધન) બની જાય છે !



## ★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની કલમે ★★★

**"લોકની દૃષ્ટિ ટૂંકી માટે ટૂંકા કાળના (અલ્પકાલીન) સુખ ખાતર બધું સહન કરે અને સહન કરવામાં આનંદ માને, રાજી થાય. શ્રીજિનેશ્વરદેવની દૃષ્ટિ વિશાળ લાંબી છે, માટે જ જગતને લાંબા કાળના (દીર્ઘકાલીન-શાશ્વત) સુખ માટે સહન કરવાનું કહે છે. વળી, તેઓશ્રીના માર્ગદર્શન-ઉપદેશ મુજબ સહન કરવામાં આવે તો પાછળ (પરિણામે) નિશ્ચિત સુખ મળે જ. દુનિયાનું કહ્યું કરવામાં સુખ મળે કે ન મળે નક્કી નહીં, પરંતુ તેની પાછળ દુઃખની લાંબી યાત્રા નક્કી જ."**

**- પૂ. ગુરુદેવ આ.ભ.શ્રીમદ્‌વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

દરેક ક્રિયા - પ્રવૃત્તિ કરતાં પહેલાં એના દૂરોગામી પરિણામોનો વિચાર કરવો ; એ બુદ્ધિની સફળતા છે. માત્ર ટૂંકાગાળાનાં પરિણામોનો વિચાર કરવામાં નિષ્ફળતા કે પશ્ચાત્તાપનો ભોગ બનાય છે. એનાથી અનર્થો પણ થાય છે. અરે ! ક્યારેક તો અનર્થોની પરંપરા પણ સર્જાય છે. તે સમયે ઘણું મોડું થઈ ગયું હોવાથી પીછે હઠ પણ થતી નથી.

માનવ ભૌતિકતા સાથે વધારે જકડાયેલો - પકડાયેલો હોવાથી એ નજીકના ભવિષ્યનો જ વિચાર વિશેષ કરતો હોય છે. ભૌતિક સુખ હંમેશા અલ્પકાલીન જ હોય છે. એની સામે દુઃખોની હારમાળા ખડકાય છે, જે દીર્ઘકાલીન હોય છે. ૧૦૦ વર્ષનુંય ભૌતિકસુખ નહિ ભોગવી શકનારો, રત્નોના બે બળદોનો પરિગ્રહી મમ્મણશેઠ સાતમી નરકમાં પહોંચી ગયો... જ્યાં તેત્રીસ સાગરોપમનાં કાતિલ દુઃખો તેના લમણે ઝિંકાયાં છે. વળી, એના જીવનમાં તે ભેગું જ કરી શક્યો... ભોગવી તો ન જ શક્યો. ભેગું કરવાના - પરિગ્રહના ભયંકર પાપે તેની કેવી દુર્દશા કરી ? ટૂંકી દૃષ્ટિનું જ આ પરિણામ છે. જો આ પરિગ્રહ ભેગો કરતાં પહેલાં દીર્ઘદૃષ્ટિ વાપરી હોત, તેનાં માઠાં - કડવાં ફળોનો વિચાર કર્યો હોત... તો આવી દુર્દશા ન થાત. હજી સાતમી નરકમાંથી નીકળ્યા પછી પણ આ પરિગ્રહના યોગે - મમત્વભાવથી બંધાયેલું પાપ... કેટલા ભવે પૂરું થશે; તે તો જ્ઞાની જ કહી શકે.

ભૌતિક સુખ માટે જેમ જીવ સહન કરે છે, તેમ આત્મિક સુખ માટે પણ જીવ સહન કરે છે... પરંતુ બંનેનાં રિઝલ્ટ અલગ છે. ભૌતિક સામગ્રી મેળવવા - ભોગવવા સહન કરવામાં દુર્ધ્યાન છે. જ્યારે આત્મિક સુખ મેળવવા, આત્માના ગુણોને પ્રગટ કરવા માટે સહન કરવામાં આવે તો ધર્મધ્યાન છે. દુર્ધ્યાન (આર્તધ્યાન - રૌદ્રધ્યાન) દુર્ગતિઓમાં ભટકાવે છે. ધર્મધ્યાન તો સદ્‌ગતિ અને કેવળજ્ઞાનની ભેટ ધરી દે છે ! મતલબ, ભૌતિક સુખ માટે કરાતા વિચારો અશુભ છે, અશુભ ફળવાળા છે. આત્મિક કે આધ્યાત્મિકસુખ માટે કરાતા વિચારો શુભ છે, શુભ ફળ આપનારા છે.

હકીકતનો વિચાર કરીએ, જ્ઞાની ભગવંતોની દૃષ્ટિએ વિચાર કરીએ તો ભૌતિક પદાર્થોમાં સુખ જ નથી. હા, માત્ર થોડા સમય માટે દુઃખનો પ્રતિકાર કહી શકાય, એથી વિશેષ કાંઈ નહિ. અજ્ઞાનજીવો દુઃખનેય સુખ માની લે, એ વાત અલગ છે. જ્ઞાની ભગવંતો; અપેક્ષાએ દુઃખને સુખનું અને સુખને દુઃખનું કારણ માને છે. કારણ, સુખ ભોગવતાં રાગ-દ્વેષ થયા વગર ન રહે. તે જ રીતે દુઃખ ભોગવતાંય દ્વેષભાવ જાગે છે. તો કર્મબંધ થવાનો. તે જ દુઃખની ભેટ આપે છે. હા, દુઃખને ; પોતાનાં જ પાપકર્મનો ઉદય માની, એમાં હું જ જવાબદાર છું... મારાં જ કરેલાં કર્મો ઉદયમાં આવ્યાં છે. સમતાભાવે ભોગવી લઈશ... તો કાયમ માટે મારો છૂટકારો થશે... આ રીતે કરવાથી દુઃખ પણ સુખનું કારણ બને છે. તે જ રીતે સુખ ભોગવતાં જો રાગ થાય... રતિનો ભાવ જાગે... એ સુખનો ગમો પેદા થાય તો દુઃખનું કારણ બને. કારણ, નવાં અશુભ કર્મો ત્યાં બંધાય છે. જૈનધર્મ તો પુણ્ય-પાપ (શુભ-અશુભ) તમામ કર્મોને ખપાવવાની વાત કરે છે. પુણ્ય-કર્મ પણ સંસારમાં પકડી રાખનાર છે. સોનાની બેડી તુલ્ય છે. જેમ અઘાતિકર્મોને 'ભવોપગ્રાહી કર્મ' તરીકે આગમાદિ અનેક ગ્રંથોમાં ગણાવ્યા છે. મતલબ, ભલે તે અઘાતિકર્મો બીજું મોટું નુકશાન કરે કે ન કરે.... પરંતુ કેવળજ્ઞાન થયા પછી (ઘાતિકર્મોનો ક્ષય થયા પછી) તે અઘાતિકર્મો સંસારમાં જકડી-પકડી રાખે છે. મુક્તિ થવા દેતાં નથી. અઘાતિકર્મો આત્માના ગુણનો સર્વાંશે ઘાત ન કરતાં હોવા છતાં અલ્પાંશે તો ઘાત કરે જ છે. આત્માના સંપૂર્ણ સ્વરૂપને પ્રગટ થવામાં આડખીલીરૂપ છે.

વિશિષ્ટ - અતિશયજ્ઞાની ભગંવતોનો ઉપદેશ દીર્ઘજીવી ફળ પ્રાપ્ત કરાવનારો હોય છે. કાયમ માટે પરાધીનતાથી મુક્ત કરાવી સ્વતંત્રતા અપાવનારો હોય છે. ટૂંકા સમયનાં દુઃખો વેઠીને કાયમી સુખ (આનંદ - સચ્ચિદાનંદ)ને મેળવવા માટે તેઓ માર્ગદર્શન આપે છે. દીર્ઘદૃષ્ટિવાળા એ શ્રીજિનેશ્વરભગવંતો ચારિત્રનાં થોડા દિવસો - મહિનાઓ કે વર્ષોનાં દુઃખને આનંદપૂર્વક સહન કરી કાયમી મુક્તિનાં અનંતસુખને ભોગવવાનો માર્ગ બતાવે છે.

સંસારમાં તો વર્ષોનાં વર્ષો.... આખી જિંદગી દુઃખો ભોગવ્યાં પછી પણ સુખ ભોગવવા માટે જીવ સક્ષમ બનતો નથી. સુખ ભોગવવાના સમયે કાં એ જીવ શરીરથી થાકી ગયો હોય છે. કાં તો પરલોકમાં રવાના થઈ જાય છે. ત્યાં પણ દુઃખોના પહાડ જ પોતાના માથે ખડકાય છે !

હા, કદાચ ક્યારેક થોડી સુખની અનુભૂતિ જેવું લાગે છે તે વાસ્તવિક સુખ ન હોવા છતાં મોહરાજા ઊંધુ-ચત્તું સમજાવી પોતાની સત્તા ચલાવે છે, સંમોહન કરે છે. જીવ મોહરાજાનો આજ્ઞાંકિત સેવક બની જાય છે. પરિણામે દુઃખની લાંબી -સુદીર્ઘ યાત્રાનું સર્જન થઈ જાય છે. મોહરાજાના આધિપત્યમાંથી નીકળી



અનંતજ્ઞાની ભગવંતોની આજ્ઞા ન માને ત્યાં સુધી આ દુઃખની યાત્રાનો અંત આવતો જ નથી. અનંત જન્મ - મરણ પછી પણ જીવને મળ્યું શું ? જ્યારે જ્ઞાની ભગવંતો કહે છે, ગેરંટી આપે છે. સંપૂર્ણ જિનાજ્ઞાને આધીન રહી જો સાધના (રત્નત્રયીની) કરવામાં આવે તો ૨-૩-૫ કે ૭-૮ ભવમાં કાયમી આનંદનો લુત્ફ ઉઠાવવા માટે એ સફળ બની જાય છે ! આવી સફળતાને વહેલા વરીએ; એ જ શુભાભિલાષા.

**- વિજયભવ્યદર્શનસૂરિ** ધ

## ★ મહામંગલકારી શ્રી ઉપધાનતપ - ૧ ★★★

( ધર્મતીર્થપ્રભાવક, સિદ્ધાંતસંરક્ષક, અખંડબાલબ્રહ્મચારી પૂજ્યપાદ ગુરુદેવ આ.ભ. શ્રીમદ્વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાની નોંધપોથીમાં ઘણી વાતો સંગ્રહાયેલી છે. તેમાં એક વાત ઉપધાનતપ અંગે પણ નોંધાયેલી છે. તેના આધારે અહીં વિવેચન કરવામાં આવ્યું છે. ઉપધાન એક શ્રાવકજીવનની વિશિષ્ટ અને આવશ્યક સાધના છે. આ સાધનાનું ખાસ વિધાન મહાપ્રભાવશાળી છેદગ્રંથરૂપ શ્રીમહાનિશીથસૂત્રનામના આગમગ્રંથમાં મળે છે. તો ચાલો એ ગુરુદેવની નોંધોપોથીના આધારે આ વિષયનું અવગાહન કરીએ. - વિજયભવ્યદર્શનસૂરિ)

અનંતકરુણાના નિધાન, તીર્થસ્થાપના દ્વારા ધર્મનો પ્રારંભ કરનારા, ઉપકાર સિંધુ શ્રમણ ભગવાન શ્રીમહાવીરદેવના શ્રીમુખે ઉચ્ચારેલી ઉપધાનતપની વાતો કે જે બાર પ્રકારના તપાચારમાં પણ સમાવિષ્ટ છે. નાણમ્મિસૂત્રમાં તપાચારના વર્ણનમાં 'ઉવહાણે' દ્વારા એનો નિર્દેશ કરાયો છે : સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકા : ચારે પ્રકારના સંઘ માટે સામાન્ય ગણાતો પંચાચાર પાલનનો ધર્મ છે. અણુવ્રત - મહાવ્રતાદિનાં વિધાનો ભલે સાધુ - શ્રાવક માટે અલગ છે. પરંતુ પંચાચાર, પાંચ સમિતિ - ત્રણગુપ્તિ વગેરે તો કૉમન (સર્વસામાન્ય) છે.

ઉપધાન શબ્દ; વિશિષ્ટ તપ સાથે થતી વિશિષ્ટ ક્રિયાનો સૂચક છે. એ શબ્દથી ; શ્રમણ - શ્રમણી માટે યોગ્યતા મુજબ યોગોદ્વહન કરવાની વાતનું સૂચન થાય છે. શ્રાવક - શ્રાવિકા માટે યોગ્યતા મુજબ ઉપધાન કરવાની વાતનું સૂચન થાય છે. યોગ્યતા આવ્યા પછી જો ઉપધાન ન કરે ને સૂત્રો ભણે તો તે જ્ઞાનની મહા-આશાતના કરે છે, એ મહાઅશાતના સંસારવૃદ્ધિનું કારણ બને છે. કદાચ ઉપધાન કરવાની ઉંમર થતાં પહેલાં સૂત્રો ભણી લીધાં હોય તો પણ તેનું પ્રમાણપત્ર તો ઉપધાન કર્યા પછી જ મળે છે. ડ્રાઈવિંગ આવડી ગયા પછી પણ તેને વાહન ચલાવવા માટેનું પ્રમાણપત્ર (લાઈસન્સ) આરટીઓમાંથી મેળવવું પડે છે. એના માટે જરૂરી પરીક્ષા વગેરે આપવી પડે છે.... આ બધું અનિવાર્ય ગણાય છે. તે જ રીતે સૂત્ર ભણ્યા પછી પણ લાઈસન્સ મેળવવાની વિધિ માટે ઉપધાનતપ જરૂરી - અનિવાર્ય ગમાય છે.

શ્રાવક - શ્રાવિકાએ ઉપધાન તપ વહન કરવાં એ મહામંગલકારી છે. એનાથી સંસાર પરિમિત બને છે. પરલોક સદ્‌ગતિમય બને છે. મંત્રસ્વરૂપ શ્રુતજ્ઞાનનાં સૂક્ષ્મ રહસ્યોને પામવા ઉપધાનતપ જરૂરી છે. ઉપધાન માત્ર તપોમય નથી.તપની સાથે સાથે કષ્ટમય, વિરતિ સાથેની અમૃત ક્રિયામય, જ્ઞાન અને ધ્યાનમય આરાધના - સાધના છે. મોક્ષસાધક અનેક યોગો પૈકી વિશિષ્ટ યોગ છે. (યોગ : મોક્ષ સાથે આત્માનું જોડાણ કરી આપનાર ક્રિયા - અનુષ્ઠાન) અજૈનોની જેમ હઠયોગની આ પ્રક્રિયા નથી. માત્ર હઠયોગનું જિનશાસનમાં ખાસ કોઈ મૂલ્ય નથી, ભૌતિકસિદ્ધિઓ માટે ભલે એનું સ્થાન ઊંચું ગણાતું હોય. ભૌતિક સિદ્ધિઓની અધ્યાત્મજગતમાં કોઈ કિંમત નથી. યોગશબ્દ તો ભૌતિક અને આધ્યાત્મિક : બંને જગત સાથે જોડાયેલો છે.

શ્રમણ જીવનમાં આગમ ભણવા માટે યોગોદ્વહન છે. શ્રાવક જીવનમાં આવશ્યકસૂત્રો ભણવાની આજ્ઞા પ્રાપ્ત કરવા માટે ઉપધાન (યોગોદ્વહન) છે. જે આત્મા પ્રભુની આજ્ઞાના પાલનપૂર્વક આગમ અથવા સૂત્ર ભણે-ભણાવે છે તે આરાધક છે. જે આજ્ઞા વગર ભણે-ભણાવે તે વિરાધક ગણાય છે. શ્રમણો માટે શ્રીઆવશ્યકસૂત્રથી લઈ દશવૈકાલિક - ઉત્તરાધ્યયન, આચારાંગ - કલ્પસૂત્ર - નંદી - અનુયોગદ્વાર - મહાનિશીથ વગેરે ક્રમથી અંગ-ઉપાંગ - પયન્ના - છેદસૂત્ર - મૂળસૂત્ર વગેરેના યોગોદ્વહન કરાવાય છે. શ્રાવકોને નવકાર (શ્રીપંચમંગલમહાશ્રુતસ્કંધ) આદિ છ ઉપધાન વહન કરવાનાં હોય છે. તેમાં માળવાળાને ચાર ઉપધાન પૂરાં કરાવી મોક્ષમાળા પહેરાવાય છે. ત્યારબાદ પાંત્રીશું - અઠ્ઠાવીશું કરાવવામાં આવે છે.

વિહિત તપાદિ પૂર્વક ઉપધાન ન કરી શકે એવા શક્તિહીન - અશક્ત જીવો (શ્રાવકો) માટે વિવિધ વિકલ્પો શ્રીમહાનિશીથ નામના આગમગ્રંથમાં બતાવવામાં આવ્યા છે. જો કે શ્રમણજીવનમાં આવાં વિકલ્પો નથી. જીવનને ગુણસમૃદ્ધ બનાવવા માટે આવાં યોગોદ્વહન કે ઉપધાન આવશ્યક છે. આવી સાધનાથી જીવન વધુ ને વધુ અપ્રમત્ત બને છે. પ્રમાદને દેશવટો મળે છે. અનાદિકાળથી ઘર કરી ગયેલા એ પાંચે પ્રકારના પ્રમાદોને શિકસ્ત મળે છે !

ઉપધાનની આરાધનાથી માનસિક જડતા દૂર થાય છે. મનમાં રહેલા ખેદ - ઉદ્વેગ - વિક્ષેપ વગેરે દોષોનો હ્રાસ થાય છે. ભટકતું મન સ્થિરતા પામે છે. અશુભ વિચારો અને દુર્ધ્યાન ઉપર બ્રેક વાગે છે. વિચારો ફિલ્ટર થવાના કારણે શુભતામાં વધારો થાય છે. શુભધ્યાન અને શુદ્ધધ્યાન તરફ આત્મા આગળ વધે છે. ભાવની શુભતા ને શુદ્ધતાના યોગે કર્મક્ષયનો વિશિષ્ટ લાભ થાય છે. કૈંક જન્મોનાં પાપોનો નિકાલ થઈ જાય છે. પરિણામે આત્મા સાત્ત્વિક બને છે. આ સત્ત્વ જ મોક્ષનાં માર્ગે બળ પૂરું પાડે છે. જીવની નિર્બળતાનો અંત આવે છે. સત્ત્વ



તો ઘણા ગુણોને ખેંચી લાવે છે. શ્રીકુમારપાળભૂપાળ ચરિત્રમાં કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યજીએ સત્ત્વને ગુણશિરોમણિ તરીકે વર્ણવ્યો છે. એને કમળની ઉપમા આપી નવાજ્યો છે. બાકીના ગુણોને ભમરાની જગ્યાએ બતાવ્યા છે. કમળના આમંત્રણ વગર ભમરાઓ આકર્ષાય છે. તેમ સત્ત્વથી બાકીના ગુણો આપોઆપ આકર્ષિત થઈ ખેંચાઈને આવે છે !

ઉપધાનમાં (પૌષધ કરવાના યોગે) દાન - શીલ - તપ - ભાવ : ચારે પ્રકારનો ધર્મ એક સાથે થાય છે. દાનમાં અભયદાનાદિ, શીલમાં પંચાચાર, સમતિગુપ્તિનું પાલન, તપમાં ઉપવાસ - આયંબિલ - નીવિ વગેરેનું આરાધન થાય છે. ત્રણે પ્રકારના ધર્મમાં ભાવધર્મ તો સમાયેલો હોય છે જ. ઉપરાંત એ દિવસોમાં શુભભાવથી મન છલકાતું હોય છે. ઘર - પરિવાર - દુકાન - પૈસાદિના પાપવિચારો કે આધિ-ઉપાધિ જેવી ચિંતાઓ હોતી નથી. એટલે શુભભાવોનું પ્રભુત્વ સહજ બની જાય છે. ચારે પ્રકારનો ધર્મ થતો હોવાથી નવાં ઘણાં પાપકર્મોથી આત્મા બચી જાય છે.

શુભવૃત્તિ - પ્રવૃત્તિના કારણે, મન - વચન - કાયાના યોગોનું પ્રભુ - આજ્ઞા સાપેક્ષ શુભક્રિયાઓમાં જોડાણ થવાથી જ્ઞાનાવરણીય, દર્શનાવિરણીય આદિ આઠે કર્મોનો ક્ષય થાય છે. મતલબ, નિર્જરાનો મહાનયજ્ઞ મંડાય છે. વિરતિધર્મથી મુખ્યત્વે નવાં પાપોના અટકાવસ્વરૂપ સંવર તત્ત્વની ઉપાસના થાય છે. બીજી બાજુ તપધર્મના આસેવનથી નિર્જરાતત્ત્વ (જૂનાં પાપોના નાશની ક્રિયા)નો મહાન લાભ ઉઠાવાય છે. જ્ઞાન(શ્રુતજ્ઞાન) કે જેના આધારે-માધ્યમે શાસનના શ્રીગણેશ થાય છે. (ત્રિપદીની પ્રાપ્તિ દ્વારા દ્વાદશાંગીની રચના થાય છે. એ દ્વાદશાંગી પણ તીર્થ છે. શાસન છે. આગળ વધીને એ દ્વાદશાંગીના માધ્યમથી જ તમામ પ્રકારની જાણકારી મળે છે. શાસનની અને વિશ્વના સંચાલનની ચોક્કસ માહિતી મળે છે. આરાધના - સાધનાનું સચોટ માર્ગદર્શન મળે છે. એ શ્રુતના વિચ્છેદ સાથે તીર્થ (શાસન)નો અંત - વિચ્છેદ થાય છે. અર્થાત્ શ્રુતના યોગે જ શાસન ટકે છે. એ શ્રુતજ્ઞાન ઉપર મહોર લગાવવાના શ્રીગણેશ (પ્રારંભ) પણ ઉપધાનતપથી થાય છે. એટલે કે - શ્રુતજ્ઞાનના સારભૂત શ્રીનવકારમહામંત્ર પર મહોર લગાવવાનું કાર્ય ઉપધાનથી થાય છે.

મુખ્યત્વે શ્રુતજ્ઞાનની સમ્યગ્ ઉપાસના માટે ઉપધાન છે. તે કારણે (જ્ઞાનાચારના વિશિષ્ટ પાલનના પ્રભાવે) જ્ઞાનાવરણીયકર્મનો વિશિષ્ટ ક્ષપોપશમ થાય છે. આત્માના જ્ઞાનગુણમાં વધારો થાય છે. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયકર્મ સગા જોડિયા ભાઈ જેવા હોવાથી તે દર્શનાવરણીયકર્મનો પણ ક્ષપોપશમ સાથે જ થાય છે. પૌષધની આરાધના એ વિરતિરૂપ હોવાથી રાગ-દ્વેષાદિ મોહનીયકર્મ ઉપર કુઠારા ઘા પડે છે. મિથ્યાત્વના નાશથી લઈ

ચારિત્રમોહનીયકર્મમાં ઘણી ઊથલ-પાથલ થાય છે. મતલબ, મિથ્યાત્વકર્મ નબળું પડે છે. રાજાના સ્થાને રહેલ મોહનીયકર્મ નબળું પડવાથી બાકીનાં કર્મોનું બળ આપમેળે જ ઘટી જાય છે. જીવનમાં ધર્મરાજાનું પ્રભુત્ત્વ વધવાના કારણે કર્મરાજાનું પ્રભુત્વ રહેતું નથી. વૃત્તિ ઉપર આત્માનું ચલણ વધવાથી પ્રવૃત્તિમાંય સુધારો થાય છે. પાપનો ભય પેદા થવાથી જીવ પાપનાં પરિણામોનો વિચાર કરી પાપવૃત્તિના હ્રાસનો માર્ગ અપનાવે છે. તેથી જીવનું ભાવિ ઉજ્વળ બનવા લાગે છે. અંધકારમય જીવનમાં અજવાળું - ઉજાશ પથરાય છે.

૪૭ દિવસના વિશિષ્ટ ક્રિયામય જીવનથી અપ્રમત્તતામાં વૃદ્ધિ થાય છે. જીવનની દરેક ઘટનામાં, વ્યવહારમાં, વ્યાપારમાં.... આત્મા - ધર્મ - કર્મની વિચારણા ઉમેરાય છે : મન - વચન - કાયાના યોગો - વ્યાપારોમાંથી ઘણી બદબૂ દૂર થાય છે. ઈન્દ્રિયો ઉપર લગામ મુકાય છે. ઈન્દ્રિયોની ગુલામીમાંથી ઘણા અંશે મુક્તિ મળે છે. મન - વચન - કાયાનો પ્રભુની આજ્ઞામુજબ ઉપયોગ થતો હોવાથી વીર્યાંતરાયકર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે. ભવિષ્યનાં જન્મોમાં વિશિષ્ટ બળની પ્રાપ્તિ થાય છે. રોજ ૧૦૦-૧૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાથી; કાઉસ્સગ્ગ અને ધ્યાન નામના અભ્યંતર તપની સાધના સાથે કાયક્લેશ - સંલીનતા નામના બાહ્યતપની (તપાચારની) આરાધના પણ થાય છે. રોજ ૧૦૦ - ૧૦૦ ખમાસમણ દેવાથી કાયશક્તિનો સદુપયોગ, જ્ઞાનનો વિનય (જ્ઞાનના વિનયમાં જ્ઞાનીનો પણ વિનય) જ્ઞાન - જ્ઞાનીનું બહુમાન થવાથી 'વિનય' 'બહુમાન' 'ઉપધાન' વગેરે જ્ઞાનાચારનું પાલન થાય છે.

વિધિપૂર્વક વાચના (સૂત્રગ્રહણ) લેવાથી પણ વિનય નામના આચાર પાલન સાથે સૂત્ર - અર્થ - તદુભય (સૂત્રાર્થ) નામના જ્ઞાનાચારનું પાલન પણ થાય છે. સૂત્રના વ્યવસ્થિત ઉચ્ચાર, હ્રસ્વ - દીર્ઘ વગેરેનું જ્ઞાન, પ્રોપર અર્થનું જ્ઞાન : બંને મળે છે. મતલબ, લગભગ આઠે પ્રકારના જ્ઞાનાચારનું પાલન થાય છે. જ્ઞાનાચારના વ્યવસ્થિત પાલનમાં ઘણા પ્રકારના દર્શનાચારનું પાલન આવી જાય છે - થઈ જાય છે. માળના વરઘોડા દ્વારા શાસનની પ્રભાવના વિસ્તરે છે, ગુરુ પાસેથી જ જ્ઞાન લેવાનો નિયમ સચવાય છે. તેના કારણે તમામ સૂત્રો શુદ્ધ પ્રાપ્ત થાય છે. તે તે સૂત્રના ઉદ્દેશ - સમુદ્દેશ - અનુજ્ઞાના નિયમો સચવાય છે. તેટલા-તેટલા દિવસના તપ - પૌષધ વગેરેના માધ્યમથી જીવની પાત્રતા ખીલે છે. લાયકાત પ્રાપ્ત થાય છે. રત્નત્રયીની સાધનાનો અભ્યાસ પડે છે. ભવાંતરમાં રત્નયત્રીની પ્રાપ્તિ સુલભ થઇ જાય છે. ઘણાને તો આ જ ભવમાં ચારિત્રાદિની પ્રાપ્તિ થઈ જાય છે. સર્વવિરતિ ન મળે તોય દેશવિરતિ તો સરલ બની જાય છે.

ઉપધાનતપની વિધિપૂર્વક આરાધના કરવાથી જીવન ઘડતર થાય છે. બેસવા - ઊઠવા - બોલવા - ચાલવા - વિચારવા - ખાવા - પીવાની ક્રિયાઓમાં ધર્મનો



પ્રવેશ થાય છે. અર્થાત્ એમાં વિવેકનો ઉમેરો થાય છે. ઉપધાનના દિવસોમાં ગુરુભગવંતની નિશ્રામાં રહેવાના કારણે ઘણું પરિવર્તન આવે છે. સર્વવિરતિનો રસાસ્વાદ સંપ્રાપ્ત થાય છે. મુક્તિનાં અનંતસુખનું સેમ્પલ (નમૂનો) સર્વવિરતિ - શ્રમણજીવનમાં છે. શ્રમણજીવનના રસાસ્વાદનું સેમ્પલ ઉપધાનમાં (પૌષધમાં) છે.

પૌષધની પણ વિચારણા કરીએ તો એનાય ચાર પ્રકાર છે : ૮૦ પ્રકાર પણ શાસ્ત્રકારોએ ગણાવ્યા છે. એમાં આહાર પૌષધ દેશથી અને સર્વથી : બંનેથી થાય છે. શરીરસત્કારનો સર્વથા નિષેધ છે. તેથી શરીરનું મમત્વ ઘટે છે. એ મમત્વ ઘટવાના કારણે શરીરની સેવા - સરભરા - શુશ્રૂષા, એને શણગારવા પાછળ થતાં ઘણાં પાપોમાંથી મુક્તિ મળી જાય છે. જીવને સૌથી વધુ મમત્વ પોતાના દેહ પર હોય છે. એના માટે જ રાત - દિવસ પાપો કરે છે. શરીરના કારણે પૌદ્ગલિક - ભૌતિક સંબંધો ઊભા થાય છે. એના યોગે પાપનો સિલસિલો રચાય છે. શરીરના કારણે જ આખો સંસાર ખડો થઈ જાય છે. તપાચાર - વીર્યાચાર વગેરેના પાલનમાં શરીર જ, શરીરનું મમત્વ જ સૌથી પહેલું આડે આવે છે.

સિદ્ધગિરિની ૯૯યાત્રા, છ'રી' પાલક સંઘો, માસક્ષમણ - શ્રેણિતપ, સિદ્ધિતપ વગેરેની જેમ ઉપધાનતપ અનેકવાર કરી શકાતાં નથી. જીવનમાં એક જ વાર થાય છે. તેથી આ આરાધના ખૂબ જ ઉલ્લાસથી, અપ્રમત્તભાવે, વિધિ અને બહુમાન સાથે કરવી જોઈએ. ઈન્દ્રિયો પજવી ન જાય, પ્રમાદના પક્ષમાં બેસી ન જવાય એની પૂર્ણ તકેદારી રાખવી જોઈએ. સામાયિકના ૩૨ દોષ, પૌષધના ૧૮ દોષ, કાઉસ્સગ્ગના ૧૯ દોષ, ગુરુવંદનના ૩૨ દોષ, ગુરુની ૩૩ આશાતના, જિનાલયની ૮૪ આશાતના... વગેરેથી બચીને સાધના કરવાની છે. તે જ રીતે ચિત્તના ખેદ - ઉદ્વેગાદિ ૮ દોષોથી સાવધ રહેવાનું છે. શરીરના કહ્યામાં નહિ, શાસ્ત્રના કહ્યામાં રહેવાનું છે. ગુરુની આજ્ઞા મેળવ્યા વગર કોઈ જ પ્રવૃત્તિ કરવાની નથી. સગા - સ્નેહીઓનું જોડાણ તદ્દન કાપી નાખવું... શાતા પૂછવા આવે તો લાંબી વાતોમાં ન પડવું. એમાંય ઘર - સંસાર - વ્યવહાર - વ્યાપારાદિની વાતો તો સાવ જ ટાળી દેવી. (ક્રમશઃ)

ધ

## ★ કર્મ અને તેનું આધિપત્ય - ૨ ★★★

- પૂ.આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

દુનિયામાં ચૈતન્યનાં સ્થપાયેલાં સામ્રાજ્યો કરતાંય ક્યારેક જડના સામ્રાજ્યની શક્તિ વધારે હોય તેવું લાગે છે. મોહાદિ (રાગ-દ્વેષાદિ) તત્ત્વો કે મોહનીયાદિ કર્મો જ્યારે જીવ ઉપર હાવી થાય છે... પોતાના અધિકાર જમાવે

છે... તે સમયે જો ચૈતન્યવંત ગણાતો આત્મા તેની સામે ઘુંટણિયાં ટેકવે તો અનંતશક્તિનો માલિક ગણાતો આત્મા શક્તિહીન પુરવાર થાય છે. સ્વામી ગણાતો જીવ સેવકનું રૂપ ધારણ કરી દાસત્વ કરતો જણાય છે ! આવા સમયે ઘડીકભર વિચાર કરતા કરી દે કે - દુનિયામાં કેવા કેવા ભાવો સર્જાય છે ? જીવ ઉપર જડનું સામ્રાજ્ય ? આત્મા ઉપર પૌદ્ગલિક ભાવો કે કર્મોનું આધિપત્ય ? આ કેવું આશ્ચર્ય ? કેવી અજાયબી ?

તમામ સંસારી જીવો કર્મના આધિપત્ય નીચે જીવે છે. કર્મની બેડીઓમાં જકડાયેલા હોવાથી એ જીવો સ્વતંત્ર નથી. કર્મના કારાવાસમાં તેઓ રહે છે. આવા કારાગૃહમાં રહેવા છતાં એ જીવોને મોહરાજા ભાન ભૂલા બનાવી, વધુ ને વધુ કારાગૃહમાં રહેવું પડે તેવાં જ કાર્યો કરવા પ્રેરણા પૂરી પાડે છે. એ પ્રેરણાને સંસારી જીવો પ્રેમથી ઝીલે છે ! એ મોહરાજા આ પ્રેરણા ઝીલવાના કારણે ખુશ થાય છે. મોહરાજાને જે જે જીવો ખુશ કરે છે તે તે જીવો વધારે ને વધારે પરેશાન થાય છે. મોહરાજાના બતાવવાના ને ચાવવાના જુદા હોય છે. ટૂંકમાં કહીએ તો મોહરાજા વિવિધ રીતે જાળ બીછાવીને જીવોને ફસાવે છે પરંતુ ફસાવવાની પદ્ધતિ એવી મોહક હોય છે કે જીવો એને સમજી શકતા નથી. મોહરાજા વિવિધરંગી (ઈસ્ટમેન કલરનાં) એવાં દૃશ્યો બતાવે છે કે જેનાથી જીવો છેતરાઈ જાય છે. રાગ - દ્વેષનાં રંગે રંગાયેલા એ જીવો ભયંકર ચીંકણાં કર્મો બાંધીને ચાર ગતિ ને ચોરાશી લાખ યોનિરૂપ રંગમંડપોમાં નાચ - નર્તન કરે છે. ! વળી, એ જ જીવો એક-બીજાનાં નર્તન જોઈને આનંદ પામે છે, તે સમયે પોતાની કફોડી હાલતને નજર અંદાજ કરી સામા જીવની કફોડી હાલત જોવા લાગી જાય છે. બિહામણી ને દયામણી એ સ્થિતિ જોવા છતાં પોતાની કરુણદશાને જોતો નથી. આ પણ મોહનો જ પ્રકાર છે. મોહરાજા ભલભલા જીવોને અંધ-બધિર અને મૂક બનાવી દે છે ! મોહરાજાનું આધિપત્ય સ્વર્ગ - મર્ત્ય અને પાતાળ : ત્રણે લોકમાં છે. આ મોહરાજાએ તો ઈન્દ્ર - ચક્રવર્તી જેવાને પણ નથી છોડ્યા. બત્રીશ પુતળીઓના ખેલની જેમ એ મોહરાજા બધાને નચાવે છે.

મોહરાજાના નચાવવાના પ્રકારો ઘણા છે ; એમ શ્રીઉમાસ્વાતિજી મ. ફરમાવે છે. એ નચાવવાના પ્રકારોને; ધર્મ સમજેલો, પરમાત્માનાં વચનોના પરમાર્થને જાણનારો જ્ઞાની આત્મા જ સમજી શકે છે. અજ્ઞાની જીવોને તો આ મોહરાજા કાચી સેકંડોમાં ભરમાવીને ફસાવી દે છે. ફસાયા પછી પણ બુદ્ધિને એવી કુંઠિત બનાવી દે છે કે - 'હું ફસાયો છું' એવું બ્રહ્મજ્ઞાન જીવને થતું નથી. સાપ કરડ્યો હોય, તેનું ઝેર માનવના શરીરમાં વ્યાપ્ત થયા પછી એ ઝેરની અસરના યોગે કડવો લીમડો પણ તેને મીઠો લાગે છે તેમ આ મોહના ઝેરની અસરના યોગે વિષ જેવા વિષયો પણ તેને મીઠા લાગે છે ! વૈરાગ્યના આવિર્ભાવ પછી એ મોહનું



ઝેર ઊતરી જતાં વિષયો ઝેર સ્વરૂપ લાગવા માંડે છે ! આ મોહનું ઝેર ઉતારવાની તાકાત જિનાવાણીમાં છે. જિનવાણી સાંભળવાથી મોહની મારકતાનો ખ્યાલ આવે છે. અનંતકાળથી જીવને ભટકાવવાનું, ભયંકર પીડાનું દાન કરવાનું, સત્યને સત્ય ન સમજવા દેવાનું, અસત્યને - અતત્ત્વને તત્ત્વ તરીકે સમજાવીને ફસાવવાનું અને ષડ્યંત્ર રચીને ભરમાવવાનું કાર્ય આ મોહરાજાએ જ કર્યું છે.... આવો અહેસાસ શાસ્ત્ર -આગમાદિ ગ્રંથોનાં પઠન-પાઠન, ચિંતન-મનન, જિનવાણીના શ્રવણ દ્વારા જ થાય છે. માટે જ જ્ઞાની ભગવંતો (પાંચ પ્રકારના) સ્વાધ્યાય પર ખૂબ ભાર મૂકે છે.

આ સ્વાધ્યાય જ આત્માને મોહના ફંદામાંથી છોડાવી આત્માની નજીક લાવે છે. મોહરાજા તો આત્માના અસ્તિત્ત્વને વિચારવાનો અવકાશ જ નથી આપતો. ચારે બાજુ એવું વાતાવરણ ખડું કરી દે છે કે - બહારની દુનિયા જ તેને દેખાય. પોતાના ઘરમાં - ભીતરમાં જોવાનો ચાન્સ જ તેને મળતો નથી, મળવા દેતો નથી. મોહના કેફમાં જીવ પોતાનું જ્ઞાન - ભાન - શાન.... બધું જ ગુમાવી બેસે છે. મોહ એવો તો સખત ચોકી - પહેરો ગોઠવી દે છે... પોતાના સેવકોને એવા સેવામાં ગોઠવી દે છે કે - જીવ ક્યાંય જઈ ન શકે, છટકી ન શકે, બીજે ક્યાંય તેની નજર પણ ન પહોંચી શકે.

આઠે કર્મોમાં રાજા સમાન મોહનીયકર્મ જ છે. તેની આગેવાનીમાં બાકીનાં તમામ કર્મો તગડાં બનીને જોર કરે છે. મોહનીય કર્મ જો ખસી જાય, અથવા તેને ખદેડી દેવામાં આવે તો બાકીનાં કર્મો પામર બની જાય. બધાનો પાવર ડાઉન થઈ જાય. ભડવીર ગણાતો જીવ જો મોહનીયકર્મના ઈશારે નાચતો હોય તો સાત કર્મો એના ઈશારે ચાલે તેમાં નવાઈ નથી. મોહનીયકર્મનું ભૂત વળગ્યું હોય તે જીવ ચૈતન્યને નહિ, પુદ્ગલને જ જુએ છે. પુદ્ગલના હિસાબકિતાબમાં જ તે રચ્યો - પચ્યો રહેતો હોય છે. તેના યોગે આત્મા ગુણને બદલે દોષોનો ભંડાર બને છે તેનો વિચાર સરખોય જીવને નથી આવતો. જીવના મન - વચન - કાયાના યોગો પર સંપૂર્ણ પ્રભુત્વ મોહનીયકર્મે (મોહરાજાએ) પ્રસ્થાપિત કરી દીધું હોય છે. પોતાનું આજ્ઞૈશ્વર્ય પ્રવર્તાવ્યું હોય છે. ધર્મતત્ત્વને કે દેવ - ગુરુ તત્ત્વને ત્યાં પ્રવેશવાની જગ્યા જ નથી હોતી.

આજે પણ દુનિયામાં નજર નાખો... કેટલાય જીવો તો દેવ-ગુરુ કે ધર્મતત્ત્વ સાથે સંબંધ જ નથી રાખતા. તે જીવોને અને આ દેવ - ગુરુ - ધર્મને લાખો - કરોડો યોજનનું અંતર હોય છે. ગણ્યા - ગાંઠ્યા કેટલાક જ જીવો દેવના, ગુરુના કે ધર્મના સંપર્કમાં આવે છે.... તે પણ ક્યારેક જ ! સંપર્કવાળા જીવો પણ મોટા ભાગે તો મોહરાજાની આજ્ઞામાં જ સમય વ્યતીત કરે છે. તેને ધર્મ તત્ત્વની આરાધના માટે કે દેવ - ગુરુની ઉપાસના માટે સમય ક્યાં હોય છે ? રસ પણ કેટલો હોય છે ; એ

મોટો સવાલ છે. એ બિચારા જીવોની મોટાભાગની શક્તિ મોહરાજાની સેવામાં જ ખર્ચાય છે. ત્યાં તમામ શક્તિઓને કામે લગાડે છે અને ધર્મની આરાધના સમયે ગળિયા બળદ જેવો શક્તિહીન (નિર્માલ્ય) બની જાય છે.

એકમાત્ર કાયાના કારણે બાંધેલા પાપના (જૂને બાવળના કાંટામાં પરોવવાથી) યોગે ગોવાળનો પુત્ર ૧૦૮વાર સૂળીથી વિંધાયો. મતલબ, ૧૦૮ ભવ સુધી સૂળી પર ચઢીને (સજા ભોગવીને) મોતને ભેટવું પડ્યું.

શ્રમણ ભગવાન શ્રી મહાવીરપ્રભુને ૮૨ દિવસ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં રહેવું પડ્યું...! ઓગણીસમા જિનપતિ શ્રીમલ્લિનાથવિભુને સ્ત્રી તરીકે જન્મ લેવો પડ્યો... બ્રહ્મદત્ત ચક્રવર્તી જેવાને અંધત્વ આવ્યું.... બાહુબલિ જેવા બળવાનની સામે પણ ભરતરાજાનો વિજય થયો.... કૃષ્ણની દ્વારિકા વગેરેનો વિનાશ થયો... કલહપ્રિય નારદજીનું પણ મોક્ષમાં ગમન થયું.... ચિલાતીપુત્રનો ક્રોધ શાંત થઈ ગયો... ! આ બધું જ ત્રણ લોકમાં આશ્ચર્યભૂત બન્યું તેમાં કર્મની જ શક્તિ માનવી પડે ને ?

સુતારા રાણીને ચૌટામાં વેચી, સ્વજનોનો વિરહ થયો... પુત્રનું મૃત્યુ થયું... વિનીતાનગરી છોડવાનો વખત આવ્યો... દુશ્મનોના દેશમાં જવું પડ્યું... હરિશ્ચંદ્રરાજાને હલકા ગણાતા ઘરમાં પાણી ભરવાનો વારો આવ્યો... આ બધામાં સ્પષ્ટ જોવા મળે છે કે કર્મની વિચિત્ર ગતિ છે. વિષમ એવા કર્મોના યોગે જ આવા પ્રસંગો સર્જાયા.

માનવ ધનના સંગ્રહ માટે રાત - દિવસ એક કરે છે. ખાન - પાન - આરામને ગણકારતો નથી. તે માટે અનીતિ - અન્યાય વગેરે પાપોનો વિચાર કરતો નથી. એવું ધન અંતે તો ઘરમાં -તિજોરીમાં કે બેંકમાં રહી જાય છે. જે પત્ની માટે અઢળક પાપો કર્યાં... તે પ્રેમના ઘરસમી નારીઓ ઘરમાં જ રહી જાય છે. સ્વજનો ગણાતા સ્નેહાળ કુટુંબ - પરિવારના સભ્યો સ્મશાન સુધી જ સાથ આપી પાછા વળી જાય છે. આખી જિંદગી લાલન - પાલન કરેલું, ખાઈ - પીને તગડું બનાવેલું, નવડાવી - ધોવડાવી - સાફ સુથરું રાખેલું શરીર આખરે ચિતામાં રહી ગયું... માત્ર જીવ જ પરલોકમાં ગયો... આ પણ કર્મનો જ પ્રભાવ છે ને ? કર્મના અનુસારે જીવની ગતિ થાય છે ને ?

માનવ જે વિચારે છે, સુખ મેળવવા મથે છે તે દૂર દૂર ચાલ્યું જાય છે... જે નહોતું વિચાર્યું તે દુઃખ સામે આવીને ઉપસ્થિત થઈ જાય છે. આ કોનો પ્રભાવ ગણવો જોઈએ...? જિનશાસન જવાબ આપે છે ! કર્મનો જ આ દુષ્પ્રભાવ છે. પુણ્ય - પાપ (કર્મ)ના અજબ - ગજબના ખેલ પૂરી દુનિયામાં નિહાળવા મળે છે. શોધવા જ ન જવું પડે એટલા પ્રસંગો રોજ પોતાના જીવનમાં બને છે અથવા સામેથી જોવા - જાણવા - સાંભળવા મળે છે. કર્મ જ્યારે કાળો કેર વર્તાવે છે, કર્મ



જ્યારે પોતાનો દંડો ઉગામે છે ત્યારે ઈન્દ્ર - ચક્રવર્તી જેવા પણ કાંઈ કરી શકતા નથી. કર્મનું આધિપત્ય શ્રીતીર્થંકરભગવંતો ઉપર પણ જોવા મળે છે.

કર્મ દ્વારા નિર્મિત ભાગ્યરેખાને કોણ બદલી શકે ? સૂર્ય કદાચ પશ્ચિમમાં ઊગી જાય, સ્થિર - શાશ્વત ગણાતો મેરુ પર્વત કદાચ સ્થાન બદલી નાખે, પર્વતના પત્થર પર કમળ ઊગી જાય તો પણ કર્મની રેખામાં કોઈ પરિવર્તન થતું નથી.

મારી પાસે ધન નથી, હું નિર્ધન - દરિદ્રી છું... આવો સંતાપ ન કર. મારી પાસે ખૂબ ધન છે, અઢળક સંપત્તિ છે. દુનિયાનો પ્રથમ હરોળનો ધનકુબેર છું... આવું અભિમાન પણ ધારણ ન કર... કારણ કે કર્મ - વિધિ પાસે એટલી તાકાત છે કે તે - નિર્ધનને ધનવાન અને ધનવાનને નિર્ધન બનાવી દે છે... એમાં ઝાઝી વાર લાગતી નથી!

શ્રુતકેવલી (ચૌદપૂર્વના જ્ઞાની) પણ ઉપશમશ્રેણિ પર આરૂઢ થાય છે તેમને પણ પાડીને (ગુણસ્થાનનું પતન કરાવી) અનંત સંસારમાં આ કર્મ ભટકાવી દે છે!

આંખની ભ્રકુટિથી પર્વતોને ભેદી નાખવાની તાકાત ધરાવતા રાજાઓની આ કર્મસત્તા એવી હાલત કરી નાખે છે કે - ઘર ઘર ભટકવા છતાં 'ભીખ' પણ ન મળે ! આયુષ્યકર્મની પૂર્ણાહુતિ થતાં જ ધનાઢ્ય કે નિર્ધન, રાજા કે રંક, જ્ઞાની કે મૂર્ખ, સજ્જન કે દુર્જન... બધાને ઉપાડીને પરલોકમાં રવાના કરી દેવાનું કાર્ય કર્મ જ કરે છે.

પુરુષાર્થ ગમે તેટલો કરો પરંતુ ફળ તો પોત - પોતાનાં કર્મો પ્રમાણે જ મળે છે. કૈંક જીવોને પોતાની શક્તિ - સત્તાથી ઈચ્છા મુજબ લટકાવી દેનારો જીવ જરૂર પડે ઝાડની ડાળી પર ફળ તરીકે લટકે છે... લટકતા તે ફળની હાલત શું કે શોભા શું ? ટકાના ભાવમાં વેચાવવા જેવા ભવમાં એ બિચારો ચાલ્યો જાય છે ! ક્યારેક તો ટકાનો ભાવ ન ઊપજે એવા ભવમાં પગ નીચે કચડાય છે.

દેવવિમાનોમાં નિવાસ, રત્નોથી જડેલી મોજડીઓ, તે તે ઈન્દ્રિયોને અનુકૂળ નાટક, મેક-અપ, કોમળ, દૂકુલ-શય્યાઓ, સુગંધી ચૂર્ણો - ધૂપો, રાગવતી - લાવણ્યવતી - રૂપ કાંતિ મુક્ત દેવાંગનાઓ વગેરે ભૌતિકસુખોની લ્હાણી કરીને, લલચાવીને - એમાં આસક્ત બનાવીને ત્યાંની વાવડીઓમાં એ દેવને જન્મ આપવાનું કાર્ય આ કર્મસત્તા જ કરે છે. પંચેન્દ્રિયની આવી લીલા ભોગવ્યા પછી એકેન્દ્રિયમાં જવું પડે, એ કેવી દયનીય સ્થિતિ ગણાય ?

એક જ પેટ-કુક્ષિથી જન્મેલા, એક જ નક્ષત્ર - રાશિ વગેરેમાં જન્મેલા જીવો સમાન નથી હોતા, તેના દેહ - વર્ણ - સ્વભાવ વગેરે ભિન્ન ભિન્ન હોય છે. જેમકે બોરડીના ઝાડમાં કાંટા અને બોરના જન્મ આપનાર એક જ પેટ હોવા છતાં બંનેના સ્વભાવાદિમાં આટલો ફરક - તફાવત જોવા મળે છે તે કર્મનો જ પ્રભાવ છે ! ગુલાબ - કાંટા, એક જ માતાના યુગલમાં જન્મેલા સંતાનો.... આ બધામાં વિષમતા જોવા મળે જ છે ને ?

ગ્રહ દોષ - નક્ષત્ર દોષ, સ્વભાવ દોષ, નાડી દોષ વગેરેનું મૂળ તપાસો તો કર્મ જ છે. આ કર્મના આધિપત્યની નિશાની છે. ધ

## ★ ધર્મથી નિરપેક્ષ શા માટે ? ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્વિજય ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

શાસ્ત્રકાર ભગવંત માનવને ચાર પ્રશ્ન પૂછે છે. કારણ, માનવને ધર્મની અપેક્ષા નથી, ધર્મથી તે નિરપેક્ષ જણાઈ રહ્યો છે. માનવને ભય સતાવે છે પરંતુ તે ભયને ખતમ કરનાર અથવા ભયમાત્રને પ્રવેશવા જ ન દેનાર સાધન - સામગ્રી વિદ્યમાન હોય તો તે નિર્ભયપણે રહી શકે છે. ભૂખ લાગે ત્યારે તેની ચિંતા કે પીડા તેને નથી હોતી, જેની પાસે ખાન-પાનની પૂરતી સામગ્રી ઉપલબ્ધ છે. કમાણીની ચિંતા તેને નથી હોતી, જેની પાસે વ્યાપાર ધમ - ધોકાર હોય, પૈસાની આવક ધૂમ હોય...

બીજી રીતે વિચાર કરીએ કે નીરોગી થવાની ચિંતા હંમેશા રોગીને હોય છે. ધનની ચિંતા નિર્ધન - ગરીબને હોય છે. પરીક્ષાની ચિંતા તેને શતાવે છે, જે નિરક્ષર છે, ભણવાનો પુરુષાર્થ જેણે નથી કર્યો અથવા જેની પાસે અભ્યાસ કરવા માટે વિશિષ્ટ મતિ - પ્રજ્ઞા નથી. ચાલવાની, પંથ કાપવાની ચિંતા વાહનવગરના માનવને હોય છે....

ધર્મ નિરપેક્ષ માનવને શાસ્ત્રકારે પૂછેલા ચાર પ્રશ્નો જાણી લો.

૧. ઘડપણ - વૃદ્ધાવસ્થા નષ્ટ થઈ ગઈ છે એટલે કે શું વૃદ્ધાવસ્થા આવવાની જ નથી કે ?

૨. તમામ વ્યાધિઓ - રોગો નષ્ટ થઈ ગયા છે ? અથવા શું તમારા શરીરમાં ક્યારેય રોગનો પગ - પેસારો થવાનો જ નથી ?

૩. તમે શું અમરત્વ લઈને આવ્યા છો ? મતલબ, તમે ક્યારેય મરવાના જ નથી ? મોત સાથે મિત્રતા બાંધી છે ?

૪. નરકગતિ કે દુર્ગતિનાં દ્વારને શું સ્થગિત કરી દીધાં છે ? દુર્ગતિને શું તાળાં લગાવી દીધાં છે ?

આ ચાર સવાલોના જવાબ જો પોઝીટીવ્હ હોય, હકારાત્મક હોય તો તેને ધર્મ આરાધનાની જરૂર નથી. જેમ એક પૈસાનોય ખર્ચ જ ન હોય તો ધન મેળવવા - કમાવાની કે ચિંતા કે જરૂરિયાત ક્યાંથી હોય ? નીરોગીને દવાની જરૂર હોતી નથી. ઉપવાસવાળાને ભોજનની ચિંતા ન જ હોય.

ધર્મ ન કરનાર માનવમાત્રને જ્ઞાની ભગવંતો આવા પ્રશ્ન કરી જવાબ માંગે છે. જ્ઞાની ભગવંતોને પોતાના જ્ઞાનમાં - શાસ્ત્રમાં જે જણાય - દેખાય છે તે મુજબ તો તમામ માનવોને ધર્મની જરૂર છે. જેમ સંસારમાં ખર્ચ છે, જાવક છે,



વ્યય છે તો સામે ધનની આવક હોવી જોઈએ. બંનેનું બેલેન્સ તો રહેવું જ જોઈએ. તે જ રીતે જીવનમાં રોજ-રોજ અઢળક પાપો થતાં જ હોય, કરતાં હોય કે કરવાં પડતાં જ હોય તો બેલેન્સ કરવા, દુર્ગતિથી બચવા ધર્મની આવશ્યકતા છે જ. ધર્મ (પુણ્ય) વગર પાપની સામે કઈ રીતે ટકી શકાય ? કારણ સીધું છે, ગણિત સ્પષ્ટ છે કે - પાપનાં પરિણામે રોગ - વૃદ્ધાવસ્થા - મરણ અને દુર્ગતિ : આ ચારે પીડાઓ આવવાની જ છે. તેનાથી છોડાવનાર દુનિયામાં ધર્મ સિવાય કોઈ જ નથી. માત્ર ધર્મના શરણે જનારો, વિશુદ્ધ ધર્મ આરાધનારો જીવ જ ઉપરોક્ત ચાર પ્રકારની પીડાથી બચી શકે છે. તે ભવ્યાત્માને કોઈ પણ પ્રકારની પીડાનો ભય સતાવતો નથી ! તેને આરાધેલા ધર્મ ઉપર પૂર્ણ વિશ્વાસ હોય છે.

પરમાર્હત્ કુમારપાળ મહારાજાને ભત્રીજા અજયપાળે ઝેર આપી દીધું છે ! ઝેરના મારણ માટે રાખેલ જડીબુટ્ટી પણ ગાયબ કરી નાખી છે. આવા સમયે પણ કુમારપાળ મહારાજા ભય-પીડાથી આકુળ-વ્યાકુળ નથી. ચિંતાથી વ્યગ્ર બન્યા નથી. સમગ્ર જગતને ધ્રુજાવી દેનારું, ભયથી કંપવા પેદા કરતું મોત હોવા છતાં મહારાજા સ્વસ્થ છે. તેમને પોતાની ૮૪ વર્ષની જિંદગીમાં કરેલા ઘોર - અઢળક ૭૦ વર્ષનાં પાપોની જાણ છે તે જ રીતે માત્ર ૧૪ વર્ષ આરાધેલા ધર્મની જાણ છે. પોતાના ૭૦ વર્ષનાં પાપોની સામે ૧૪ વર્ષના ધર્મ ઉપર અતૂટ શ્રદ્ધા છે. મારાં પાપો કરતાં, મારા ધર્મની (કે જે ધર્મ બતાવનાર શ્રીવીતરાગ પરમાત્મા છે તો સમજાવનાર ગુરુવર શ્રી હેમચન્દ્રસૂરીશ્વર છે.) તાકાત વધારે છે, તેથી મારી દુર્ગતિ નથી જ થવાની; આવી સંપૂર્ણ ખાતરી મહારાજાને હતી.

તેમના હિંસાથી લઈ મિથ્યાત્વ સુધીનાં મહાપાપો ક્યાં - કેવાં ? સાથે ૧૮ દેશના રાજવી એવા પરમાર્હતનાં પાંચ અણુવ્રતાદિ બાર વ્રતો કેવાં ? તે તે પાપના પશ્ચાત્તાપના ભાવો કેવા અને સામાયિકાદિ ધર્મના આભઊંચા ભાવો કેવા ? તાકાત કોની વધારે ? કહેવું જ પડે, સ્વીકારવું જ પડે કે પાપ કરતાં ધર્મ સંખ્ય - અસંખ્ય ગણી તાકાતવાળો છે. તેથી જ તો કેટલાય જીવો અનેક ભવનાં જાલિમ - કરપીણ પાપો કરનારા એક જ ભવના - તેમાંય માત્ર કેટલાક દિવસો - મહિનાઓ કે થોડાં જ વર્ષોના ધર્મ - પુરુષાર્થથી નિષ્પાપ બની સંપૂર્ણ પાપમુક્ત અવસ્થાને પામી ગયા!

ઉપરોક્ત ચાર પ્રશ્નના જવાબ જો નેગેટીવ્હ - નકારાત્મક હોય તો મોટી ચિંતાનો વિષય બને છે. માત્ર વિચાર કરો તોય કંપારી છૂટી જાય તેમ છે. આ ચાર પ્રશ્નનો રોજ - વારંવાર વિચાર કરવો જોઈએ. એનાથી પાપનો પાવર તો ઘટશે જ... સાથે ધર્મનો પાવર વધશે. ધર્મસાધનાનું બળ વૃદ્ધિ પામશે. આત્મામાં પાપનું નહિ, ધર્મનું જોમ પેદા થશે. પાપવૃત્તિ વિદાય લેશે. ધર્મવૃત્તિનો વિશેષ પ્રવેશ થશે.

આવી દશાને વહેલા પામો ; એ જ મંગલકામના.

ધ

## ★ અનુમોદનાનું અમૃતથાળ ★★★

- સંકલન

પૂજ્યપાદ સમ્યગ્જ્ઞાનદાતા ધર્મતીર્થપ્રભાવક ગુરુદેવ આ.ભ.શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજના કૃપાપાત્ર પટ્ટધર, સમ્યગ્જ્ઞાનના પ્રચાર - પ્રસારને આગળ ધપાવનાર, અનેક વિષયોના વિશિષ્ટ ચિંતનો દ્વારા સમ્યગ્જ્ઞાનની ભૂખ - તરસ છિપાવનાર પૂ.આ.ભ..શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાનો વિહાર કર્ણાકમાં બેંગલોર તરફ આગળ વધી રહ્યો છે. નિપાણીથી બેંગલોરના લગભગ ૫૮૦ કિ.મી.ના વિહારમાં માત્ર ચૌદેક ગામમાં જ જૈનોની વસતી છે. ત્યાં જિનાલય છે. બાકીનાં ગામોમાં જૈનોની વસતી નથી. હા, કર્ણાટક રાજ્યમાં સરકારી સ્કૂલ - કોલેજોમાં જૈન સાધુ - સાધ્વીજીને ઉતારવાની વ્યવસ્થા થઈ જાય છે. સાંભળવા પ્રમાણે રાજ્ય સરકારે આ ઠરાવ કરેલો છે. કેટલેક ઠેકાણે સ્કૂલોમાં જ જૈનોએ વિહારધામની રૂમો પણ બાંધી આપી છે. ક્યાંક - ક્યાંક પ્રાઈવેટ સ્કૂલોમાંય ઉતારો મળે છે. ભૂતકાળ કરતાં સગવડ વધી હોવાથી વિહારમાં પણ વધારો જોવા મળે છે.

વૈ.સુ.૬ ગુલિયાલમાં રોકાઈ સુ.૭ હિરિયુર પધાર્યા. અહીં લગભગ ૪૨ ઘર શ્વે.મૂ.નાં છે. ત્યાંથી સુ.૮ નિત્યાનંદ આશ્રમમાં સ્થિરતા કરી. ત્યાંથી સુ.૯ સોમવારે સવારે ઉજ્જનકુંટેની સ્કૂલમાં રોકાયા. સાંજે તાવરેકરની સ્કૂલમાં, સુ.૧૦ મંગળવારે સિરા પધાર્યા. હાલ અહીં ત્રણ ઘર છે. સુ.૧૧ના કલંબેલ્લેની સ્કૂલમાં સ્થિરતા કરી સુ.૧૨ + ૧૩ ગુરુવારે જગીહલ્લી પધાર્યા. સુ.૧૪ શુક્રવાર તા.૧૭-૫-૧૯ ના રોજ તિમરાજનહલ્લી - સ્કૂલમાં રોકાણ થયું. સુ.૧૫ શનિવારે જૈનપબ્લિક સ્કૂલમાં પધાર્યા. વૈ.વ.૧ તા.૧૯-૫-૧૯ રવિવારે સવારે ટુમકુર ગામ બહાર રહેલ આગમ મંદિરમાં દર્શન કરી ટુમકુર ગામમાં પધાર્યા. વ.૨ સોમવારે મંચકલકુપ્પે ગામમાં રોકાણ થયું. વ.૩ ડાબસ્પેટ, વ.૪ મહાવીર તપોવન, વ.૫ બુદીહાલ- ગૌશાળામાં રોકાયા. વ.પ્રથમ ૬ પાર્શ્વલબ્ધિધામ પધાર્યા. વ.દ્વિતીય છઠ્ઠના શુભદિવસે (પરમપવિત્ર શાશ્વતગિરિરાજ સિદ્ધાચલગિરિની સાલગિરા) બેંગલોરની હદમાં પ્રવેશ કર્યો. વ.૭ ના દિવસે વાજતે - ગાજતે બસવેશ્વરનગરમાં પ્રવેશ કર્યો. બે દિવસ સ્થિરતા કરી પ્રવચનનો આસ્વાદ કરાવ્યો. ચાતુર્માસની વિધિવત્ 'જય' બોલાવી.

ત્યારબાદ લગભગ ૪૭ દિવસ બેંગલોરના ભિન્ન ભિન્ન ક્ષેત્રો - સંઘોમાં વિચરણ કર્યું. ૬૦ - ૬૫ થી વધુ જિનાલયોમાં દર્શન કર્યાં. એમાં ચીકપેટ, જયનગર, માધવનગર, રાજાજીનગર, વિજયનગર વગેરે કેટલાક સંઘોમાં પ્રવચનો થયાં.



પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨ તથા પૂ.સા.શ્રી ભદ્રિકાશ્રીજી મ. આદિ ઠા.૪નો અષાઢ સુ.૧૦ તા.૧૧.૭.૧૯ ના દિવસે ચાતુર્માસ પ્રવેશ થયો ત્યારથી જ રાજાજીનગર ઈન્ડસ્ટ્રીયલટાઉન (બસવેશ્વરનગર) વિમલનાથ જિનાલય) હાલારી જૈન સંઘમાં આનંદ - ઉત્સાહનું વાતાવરણ છે. દિન - પ્રતિદિન એમાં વધારો થઈ રહ્યો છે. પૂજ્યશ્રીનાં સરળ - રસાળ છતાં શાસ્ત્રીય જ્ઞાનથી હર્યાભર્યાં પ્રવચનોએ ખાસું આકર્ષણ ઊભું કર્યું છે. શ્રીસંઘની સ્થાપનાનાં ૧૫ વર્ષનો રેકોર્ડ સર્જાયો છે. એની હવા સમગ્ર બેંગલોરમાં ફેલાઈ છે.

દિવસે ન આવી શકતાં કેટલાક યુવાનો-ભાઈઓના આગ્રહથી રાત્રે પણ પ્રવચન ચાલું છે. એમાં જૈનધર્મના વિવિધ - વિષયો પર પૂજ્યશ્રી પ્રકાશ પાથરી રહ્યા છે. હાલ 'પવિત્ર પ્રતિક્રમણનાં રહસ્યો' વિષય ચાલી રહ્યો છે.

અષાઢ વ.૨(દ્વિતીય) તા.૧૯-૭-૧૯ શુક્રવારથી શ્રાદ્ધવિધિ ગ્રંથ પર પ્રવચનો ચાલુ થયાં. સાથે સામુદાયિક અદુઃખદર્શીતપનો પ્રારંભ થયો. જેમાં બાવન પુણ્યશાળીઓ જોડાયા છે. દર શનિવારે પ્રશ્નોત્તરી થાય છે. રાત્રિ પ્રવચનો પણ તે જ દિવસથી ચાલું થયાં.

અ.વ.૧૪ તા.૩૧-૭-૧૯ બુધવારે ૩૬કમળોથી તપાગચ્છના તાજ પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની સ્તુતિ સાથે (૨૮મી સ્વર્ગારોહણતિથિ નિમિત્તે ) પૂજા થઈ. સંગીતના માધ્યમથી એ પૂજામાં શ્રીસંઘ જોડાયો. વચ્ચે વચ્ચે પૂ.આચાર્યભગવંતશ્રીજીએ ગુરુ સ્તુતિના માધ્યમથી વિવેચનરૂપ ગુણાનુવાદ કર્યા. વ.૦))" ના દિવસે ગુણાનુવાદ પ્રવચન થયું. બંને દિપ્રભાવના - સંઘપૂજન થયેલ. અંગરચના પણ થયેલ.

શ્રા.સુ.૫ ના કવિકુલ કિરીટ, જૈનરત્ન, વ્યાખ્યાનવાચસ્પતિ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજીમહારાજાના ગુણાનુવાદ થયા. સંઘપૂજન થયું.

શ્રા.સુ.૧૧ રવિવારે ; અંતરીક્ષજી તીર્થના આવનાર ચુકાદા માટે અખંડ અભિષેકનું આયોજન રાખેલ. એ ઉપરાંત જાપાદિ પણ સંઘમાં ચાલું છે. શ્રા.સુ.૧૨ તા.૧૨.૮.૧૯ સોમવારે બકરીઈદ નિમિત્તે પૂજ્યશ્રીએ પ્રેરણા કરતાં શ્રીસંઘમાં પ્રથમવાર ૧૦૯ આયંબિલ થયાં ! દરેકને રૂ.૧૬૦ અને સાકરના (૨૦૦ ગ્રામ) પેકેટની પ્રભાવના અપાઈ ! પ્રવચનમાં હૉલ નાનો પડી રહ્યો છે. અત્યાર સુધીના તમામ રેકોર્ડ તૂટી રહ્યા છે !! બેંગલોરના દૂર - દૂરના સંઘો - એરિયામાંથી પ્રવચન સાંભળવા રોજ ભાગ્યશાળીઓ આવે છે ! એક - એક પ્રશ્નના જવાબો ; શાસ્ત્રના પાઠો સાથે, દાખલા - દલીલ સાથે, તાર્કિક રીતે અપાય છે. તેથી શ્રોતાઓના મગજમાં પદાર્થો સુવ્યવસ્થિત બેસી જાય છે. શ્રવણનો રસ વૃદ્ધિ પામતો જાય છે. રવિવારે તો બે - અઢી કલાક પ્રવચન ચાલે છે.

ધ

# પાપ કોને કોનું લાગે ?

**राज्ञि राष्ट्रकृतं पापं, राज्ञः पापं पुरोहिते।**

**भर्तरि स्त्रीकृतं पापं, शिष्यपापं गुरावपि ।।**

રાજ્યની જનતા દ્વારા થતું પાપ રાજાને, રાજા દ્વારા થતું પાપ રાજ પુરોહિતને, સ્ત્રી દ્વારા થતું પાપ પતિને અને શિષ્ય દ્વારા થતું પાપ ગુરુને પણ લાગે છે.